**GUJARAT BILL NO. 21 OF 2019.**

# THE GUJARAT LOCAL AUTHORITIES AND TOWN PLANNING LAWS (AMENDMENT) BILL, 2019.

***A BILL***

*further to amend the Gujarat Metropolitan Planning Committees Act, 2008, the Gujarat District Planning Committees Act, 2008 and the Gujarat Town Planning and Urban Development Act, 1976 to make effective provisions for the planning in the areas under the jurisdiction of Metropolitan Planning Committee and the District Planning Committee in different areas in the State of Gujarat and for matters connected therewith or incidental thereto.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૧.**

## ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯.

*ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા, ગુજરાત રાજયના વિવિધ વિસ્તારોમાંની મહાનગર આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિની હકૂમત હેઠળના વિસ્તારોમાં આયોજન માટે અસરકારક જોગવાઇઓ કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.*

આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયના સંબંધમાં આયોજિત વિકાસ સિદ્ધ કરવા અને ગુજરાત રાજયના વિવિધ વિસ્તારોમાં વિકાસ યોજનાઓના અમલીકરણ માટે અસરકારક જોગવાઇઓ કરવાનું ઇષ્ટ છે;

આથી, ભારતના ગણરાજયના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭ની કલમ ૯ નો સુધારો.

**૨.** ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, “રાષ્ટ્રપતિ અધિનિયમ” તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે)માં, કલમ ૯માં, પેટા-કલમ (૧)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મો.

“પરંતુ વિકાસ યોજનામાં, ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ અથવા યથાપ્રસંગ, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ મંજૂર કરેલ વિકાસ યોજનાની સ્થળલક્ષી આયોજન સંબંધી દરખાસ્તોનો સમાવેશ કરવો જોઇશે.’’.

સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૮ મો.
સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૧મો.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭ની કલમ ૧૨નો સુધારો.

**૩.** રાષ્ટ્રપતિ અધિનિયમમાં, કલમ ૧૨માં, પેટા-કલમ (૧)માં, ‘‘ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ની જોગવાઈઓ હેઠળ વિકાસ યોજના સાથે સુસંગત હોય તેવી’’ એ શબ્દો કમી કરવા.

સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૮મો.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭માં નવી કલમ ૧૯-ક દાખલ કરવા બાબત.

**૪.** રાષ્ટ્રપતિ અધિનિયમમાં, કલમ ૧૯ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

વિકાસ યોજનામાં સ્થળલક્ષી આયોજનના સંબંધમાં દરખાસ્તનો સમાવેશ કરવા બાબત.

“**૧૯ ક.** ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ની કલમ ૧૦-ક-ની પેટા-કલમ (૨)માં અથવા યથાપ્રસંગ, ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ની કલમ ૧૦-ક-ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી તારીખ પછી, સમુચિત સત્તામંડળે, આ અધિનિયમ હેઠળ કરવાની વિકાસ યોજનામાં, વિકાસ યોજનાની સ્થળલક્ષી આયોજન સંબંધી દરખાસ્તો કે જેને ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ની કલમ ૧૦-ક-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) અથવા યથાપ્રસંગ, ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ની કલમ ૧૦-ક-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) હેઠળ મંજૂરી આપવામાં આવી હોય, તેનો(તેવી દરખાસ્તોનો),

સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૧મો.
સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૮મો.
સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૧મો.
સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૮મો.

સમુચિત સત્તામંડળે કલમ ૧૯ હેઠળ વિકાસ યોજનામાં પોતાને યોગ્ય જણાય તેવા ફેરફાર કરીને, સમાવેશ કરવો જોઇશે.".

સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૧મો.

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૮મો.

**૫.** ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (જેનો આમાં હવે પછી, "જિ.આ.સ.અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧માં, પેટા-કલમ (૨)માં, "મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯" એ શબ્દો અને આંકડાને બદલે, "ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮" એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૨૦૦૮ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૧નો સુધારો.

**૬.** જિ.આ.સ. અધિનિયમમાં, કલમ ૨-માં, ખંડ (ક) પહેલા, નીચેનો ખંડ દાખલ કરવો:-

સન ૨૦૦૮ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૨- નો સુધારો.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મો.

"(ક-૧) " સમુચિત સત્તામંડળ" એટલે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૨-ના ખંડ (૩) હેઠળ વ્યાખ્યા કરેલ સત્તામંડળ;".

**૭.** જિ.આ.સ. અધિનિયમમાં, કલમ ૧૦ પછી, નીચેની કલમો દાખલ કરવી:-

સન ૨૦૦૮ના ગુજરાતના ૧૧મા અધિનિયમમાં નવી કલમો ૧૦ ક-થી ૧૦ ગ દાખલ કરવા બાબત.

વિકાસ યોજનામાં દરખાસ્તોનો સમાવેશ કરવા બાબત.

"**૧૦ ક.** (૧) રાજ્ય સરકાર, જિલ્લા આયોજન સમિતિએ અથવા યથાપ્રસંગ, અધિકૃત અધિકારીએ રજૂ કરેલી વિકાસ યોજનાનો મુસદ્દો મળ્યેથી, યથાપ્રસંગ, રાજપત્રમાં જાહેરનામાથી,–, કાં તો-

(ક) પોતે યોગ્ય ગણે તેવા સુધારા વગર અથવા તેવા સુધારાને અધીન રહીને, યોજના દ્વારા આવરી લેવામાં આવેલા સમગ્ર વિસ્તાર અથવા તેના કોઈ ભાગ માટે એવી રીતે મળેલો વિકાસ યોજનાનો મુસદ્દો મંજૂર કરી શકશે અથવા મંજૂર કરવાનો ઇનકાર કરી શકશે; અથવા

(ખ) પોતે આદેશ કરે તેવી રીતે યોજનામાં સુધારો કરવા માટે, જિલ્લા આયોજન સમિતિને અથવા યથાપ્રસંગ, અધિકૃત અધિકારીને વિકાસ યોજનાનો મુસદ્દો પરત કરી શકશે.

(૨) ખંડ (ક) હેઠળ આપવામાં આવેલી મંજૂરીને, આખરી વિકાસ યોજના કહેવી જોઈશે, જે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવી તારીખે અમલમાં આવશે.

(૩) અમલમાં આવેલી આખરી વિકાસ યોજના, જિલ્લામાં કાર્ય કરતા તમામ સંબંધિત સત્તામંડળોને બંધનકર્તા રહેશે.

આખરી વિકાસ યોજનામાંનો ફેરફાર.

**૧૦ ખ.** (૧) તે અર્થે જિલ્લા આયોજન સમિતિ પાસેથી દરખાસ્ત મળ્યેથી અથવા અન્યથા, રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે આખરી વિકાસ યોજનામાં કોઈ ફેરફાર (જેનો આમાં હવે પછી, 'ફેરફાર' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, ફેરફારની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ફેરફારના સંબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી વાંધા અથવા સૂચનો મંગાવતી નોટિસ સાથે આખરી વિકાસ યોજનામાં સૂચિત કરેલો ફેરફાર, તેણે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવો જોઈશે.

(૨) તેમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પેટા-કલમ (૧) હેઠળ મળેલા વાંધા અથવા સૂચનો, કોઈ હોય, તો તેના પર વિચારણા કર્યા પછી અને ફેરફારની દરખાસ્ત, તે જિલ્લા આયોજન સમિતિ દ્વારા કરવામાં આવેલી ના હોય, ત્યારે તે કિસ્સામાં જિલ્લા આયોજન સમિતિ સાથે વિચારવિનિમય કર્યા પછી, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, પોતે ઉચિત ગણે તેવા સુધારા સાથે અથવા તે વિના ફેરફાર મંજૂર કરી શકશે અને આવો ફેરફાર, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખે અમલમાં આવશે.

(૩) ફેરફાર અમલમાં આવ્યાની તારીખથી, આ અધિનિયમની જોગવાઇઓ, તે આખરી વિકાસ યોજનાને લાગુ પડે છે તેમ તેવા ફેરફારને લાગુ પડશે.

રાજ્ય સરકારે આદેશો કરવા બાબત.

**૧૦ ગ.** (૧) દરેક જિલ્લા આયોજન સમિતિએ, આ અધિનિયમના કાર્યક્ષમ અમલીકરણ માટે, રાજ્ય સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવે તેવી સૂચના અનુસાર આવા આદેશો અથવા નિયંત્રણોનું પાલન કરવું જોઈશે.

(૨)    આ અધિનિયમ હેઠળ કોઇ જિલ્લા આયોજન સમિતિ દ્વારા તેની સત્તા વાપરતી વખતે અને તેના કાર્યો બજાવતી વખતે અથવા તેના સંબંધમાં, જિલ્લા આયોજન સમિતિ અને રાજ્ય સરકાર અથવા બીજા કોઇ સત્તામંડળ વચ્ચે કોઇ વિવાદ ઉભો થાય તો, આવા વિવાદો અંગેનો રાજ્ય સરકારનો નિર્ણય આખરી રહેશે.

(૩)    આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, કોઈ અધિકારીની નિમણૂક કરી શકશે જે,-

(ક)    અધિનિયમ હેઠળની વિકાસ યોજના તૈયાર કરવામાં જિલ્લા આયોજન સમિતિને મદદ કરશે;

(ખ)    સમિતિના રેકર્ડ નિભાવશે, ચર્ચાવિચારણા અને નિર્ણયોના સંદેશા-વ્યવહારના અને બીજા તમામ તેને આનુષંગિક રેકર્ડ તૈયાર કરશે.".

સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૮.    ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (જેનો આમાં હવે પછી, "મ.આ.સ. અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં કલમ ૨-માં, ખંડ (ક) પહેલા, નીચેનો ખંડ દાખલ કરવો:- સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૮મો.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મો.

"(ક-૧) "સમુચિત સત્તામંડળ" એટલે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૨ ના ખંડ (૩) હેઠળ વ્યાખ્યા કરેલ સત્તામંડળ;".

૯.    મ.આ.સ. અધિનિયમમાં, કલમ ૧૦ પછી, નીચેની કલમો દાખલ કરવી:- સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા અધિનિયમમાં કલમ ૧૦-ક દાખલ કરવા બાબત.

વિકાસ યોજનામાં દરખાસ્તોનો સમાવેશ કરવા બાબત.

"૧૦ ક.(૧)    રાજ્ય સરકાર, મહાનગર આયોજન સમિતિએ રજૂ કરેલા વિકાસ યોજનાનો મુસદ્દો મળ્યેથી રાજપત્રમાં જાહેરનામાથી,-

(ક)    પોતે યોગ્ય ગણે તેમ તેવા સુધારા વિના અથવા તેવા સુધારાને અધીન રહીને, યોજના દ્વારા આવરી લેવામાં આવેલા સમગ્ર વિસ્તાર અથવા તેના કોઈ ભાગ માટે અલગથી એવી રીતે મળેલ વિકાસ યોજનાનો મુસદ્દો મંજૂર અથવા નામંજૂર કરી શકશે; અથવા

(ખ) પોતે આદેશ કરે તેવી રીતે સદરહુ યોજનામાં સુધારો કરવા માટે મહાનગર આયોજન સમિતિ અથવા યથાપ્રસંગ, અધિકૃત અધિકારીને વિકાસ યોજનાનો મુસદ્દો પરત કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (ક) હેઠળ આપવામાં આવેલી મંજૂરી, આખરી વિકાસ યોજના કહેવાશે, જે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી તારીખે અમલમાં આવશે.

(૩) અમલમાં આવેલી આખરી વિકાસ યોજના, મહાનગર વિસ્તારમાં કામ કરતા સંબંધિત તમામ સત્તામંડળોને બંધનકર્તા રહેશે.

આખરી વિકાસ યોજનાનો ફેરફાર.

**૧૦ ખ.** (૧) તે અર્થે મહાનગર આયોજન સમિતિ પાસેથી દરખાસ્ત મળ્યેથી અથવા અન્યથા, રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે આખરી વિકાસ યોજનામાં કોઈ ફેરફાર (જેનો આમાં હવે પછી, “ફેરફાર” તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, ફેરફારની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની મુદતની અંદર ફેરફારના સંબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી વાંધા અથવા સૂચનો મંગાવતી નોટિસ સાથે આખરી વિકાસ યોજનામાં સૂચિત કરેલો ફેરફાર તેણે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવો જોઈશે.

(૨) તેમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પેટા-કલમ (૧) હેઠળ મળેલા વાંધા અથવા સૂચનો, હોય તો તેના પર વિચારણા કર્યા પછી અને ફેરફારની દરખાસ્ત, જિલ્લા આયોજન સમિતિ દ્વારા કરવામાં આવેલી ના હોય, ત્યારે તે કિસ્સામાં, મહાનગર આયોજન સમિતિ સાથે વિચારવિનિમય કર્યા પછી, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, પોતે ઉચિત ગણે તેવા સુધારા સાથે અથવા તે વિના ફેરફાર મંજૂર કરી શકશે અને આવો ફેરફાર, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખે અમલમાં આવશે.

(૩) ફેરફાર અમલમાં આવ્યાની તારીખથી, આ અધિનિયમની જોગવાઇઓ, તે આખરી વિકાસ યોજનાને લાગુ પડે છે તેમ તેવા ફેરફારને લાગુ પડશે.

રાજ્ય સરકારે આદેશો કરવા બાબત.

**૧૦ ગ.** (૧) દરેક જિલ્લા આયોજન સમિતિએ, આ અધિનિયમના કાર્યક્ષમ અમલીકરણ માટે, રાજ્ય સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવે તેવી સૂચના અનુસાર આવા આદેશો અથવા નિયંત્રણોનું પાલન કરવું જોઈશે.

(૨) આ અધિનિયમ હેઠળ કોઇ મહાનગર આયોજન સમિતિ દ્વારા તેની સત્તા વાપરતી વખતે અથવા તેના કાર્યો બજાવતી વખતે અથવા તેના સંબંધમાં, મહાનગર આયોજન સમિતિ અને રાજ્ય સરકાર અથવા બીજા કોઇ સત્તામંડળ વચ્ચે કોઇ વિવાદ ઊભો થાય તો, આવા વિવાદો અંગે રાજ્ય સરકારનો નિર્ણય આખરી રહેશે.

(૩) આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, કોઈ અધિકારીની નિમણૂક કરી શકશે જે,-

(ક) અધિનિયમ હેઠળની વિકાસ યોજના તૈયાર કરવામાં મહાનગર આયોજન સમિતિને મદદ કરશે;

(ખ) સમિતિના રેકર્ડ નિભાવશે, ચર્ચાવિચારણા અને નિર્ણયોના સંદેશા-વ્યવહારના અને બીજા તમામ તેને આનુષંગિક બાબતોના રેકર્ડ તૈયાર કરશે.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (જેનો આમાં હવે પછી, "જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અને ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (જેનો આમાં હવે પછી, "મહાનગર આયોજન સમિતિ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) એમ બે કાયદા અધિનિયમિત કરવામાં આવ્યા હતા.

ઉપર્યુક્ત બંને અધિનિયમોની કલમ ૧૦થી કાર્યો કરવા માટેની જોગવાઈ કરી છે જેનાથી સંબંધિત સમિતિઓને, તેની હકૂમત માટે, વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા ફરમાવેલ છે. વળી, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "નગરરચના અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ સમુચિત સત્તામંડળોને વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા ફરમાવેલ છે.

મહાનગર આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિ અધિનિયમો હેઠળ તૈયાર કરેલા વિકાસ યોજનાના આ મુસદ્દા, મહાનગર આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિ અધિનિયમોની કલમ ૧૦ હેઠળ નિર્દિષ્ટ કરેલી બીજી બાબતો ઉપરાંત નગરપાલિકાઓ અને પંચાયતોએ તૈયાર કરેલ યોજનાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવાના હોય છે.

મહાનગર આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિ અધિનિયમોમાં વિકાસ યોજના કેવી રીતે તૈયાર કરવી, તેની મંજૂરી અને અમલને લગતી યોગ્ય જોગવાઇઓના અભાવે એવી ગેરસમજ ઉભી થાય છે કે વિકાસ યોજનાઓ, નગરરચના અધિનિયમ હેઠળ તૈયાર કરેલી યોજના જેવી જ છે. વધુમાં, આવા દેખીતા કારણે એમ માનવામાં આવી રહ્યું છે કે વિવિધ અધિનિયમો હેઠળ તૈયાર કરેલ વિકાસ યોજનાઓ એકસમાન હોતી નથી.

૭૪મા સંવૈધાનિક સુધારા હેઠળ નગરપાલિકાઓ અને પંચાયતોને આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયને ધ્યાને રાખીને યોજના ઘડવા ફરમાવેલ છે. મહાનગર આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિ અધિનિયમોથી નગરપાલિકાઓ અને પંચાયતોએ તૈયાર કરેલ યોજનાઓને ધ્યાનમાં રાખીને વિકાસ યોજના ઘડવા નિર્દિષ્ટ કરેલ છે. આ અધિનિયમોથી સ્થળલક્ષી આયોજન, આંતરમાળખા, જળાશયો અને કુદરતી સંસાધનો પણ નક્કી કરવામાં આવે છે.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬થી, જીવન માટે વધુ સારી પર્યાવરણીય સ્થિતિઓનું નિર્માણ કરવા માટે જમીનના વ્યવસ્થાપન, આંતરમાળખા પર વધુ ભાર મૂકવામાં આવે છે.

નગરરચના અધિનિયમ, મહાનગર આયોજન સમિતિ અધિનિયમ અને જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ આ ત્રણેય અધિનિયમો, વિકાસ યોજના તૈયાર કરવા ફરમાવે છે તેમ છતાં પણ તેના ઉદ્દેશો અલગ પડે છે જેમ કે પહેલો અધિનિયમ, જમીન અને આંતરમાળખાકીય વ્યવસ્થાપનને લગતો છે, જયારે પછીના બે (અધિનિયમ), આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેનો સંદર્ભ આપે છે. એ વાત તદ્દન નિશ્ચિત છે કે મહાનગર આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિ અધિનિયમો હેઠળ તૈયાર કરેલી વિકાસ યોજનાઓની અમુક દરખાસ્તો, જમીનના વ્યવસ્થાપનને અસર કરી શકે છે. આમ નગરરચના અધિનિયમ હેઠળ તૈયાર કરેલ વિકાસ યોજનાઓ એકસમાન હોવી જોઈએ.

ગૂંચવણ દૂર કરવા માટે, ઉપરની હકીકતોને ધ્યાનમાં લેતા, એવી ચોક્કસ જોગવાઇ કરવાનું ઇષ્ટ છે જે મહાનગર આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિ અધિનિયમો હેઠળ ઘડવાની વિકાસ યોજના તૈયાર કરવાની, તેને મંજૂર કરવાની અને તેનો અમલ કરવાની રીત સ્પષ્ટ દર્શાવે છે અને તદુપરાંત મહાનગર આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિ અધિનિયમોની જોગવાઇઓ હેઠળ તૈયાર કરેલ વિકાસ યોજનાઓની દરખાસ્તો માટે ફરમાવ્યા પ્રમાણેની જોગવાઇઓનો સમાવેશ થઇ શકે તે પ્રમાણે ગુજરાત નગરરચના અધિનિયમ, ૧૯૭૬માં જરૂરી જોગવાઈ કરવાનું જરૂરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા તમામ આ ત્રણ અધિનિયમો સુધારવા ધાર્યું છે.

**નીતિન પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છેઃ-

**કલમ ૧-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૭-** (૧) આ કલમથી દાખલ કરવા ધારેલી ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮માં નવી કલમ ૧૦કની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, એવી રીતે મળેલો વિકાસ યોજનાનો મુસદ્દો પોતે યોગ્ય ગણે તેમ તેવા સુધારા વિના અથવા તેવા સુધારાને અધીન રહીને, યોજના દ્વારા આવરી લેવામાં આવેલા સમગ્ર વિસ્તાર અથવા અલગથી તેના કોઈ ભાગ માટે મંજૂર અથવા નામંજૂર કરવાની અથવા જિલ્લા આયોજન સમિતિ અથવા યથાપ્રસંગ, અધિકૃત અધિકારી રજૂ કરેલી વિકાસ યોજનાનો મુસદ્દો મળ્યેથી, પોતે ફરમાવે તેવી રીતે યોજનામાં સુધારો કરવા માટે જિલ્લા આયોજન સમિતિ અથવા અધિકૃત અધિકારીને વિકાસ યોજનાનો મુસદ્દો પરત કરવાની સત્તા મળે છે;

(૨) આ કલમથી દાખલ કરવા ધારેલી ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮માં નવી કલમ ૧૦કની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આખરી વિકાસ યોજના જે તારીખે અમલમાં આવશે તે તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

(૩) આ કલમથી દાખલ કરવા ધારેલી ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮માં નવી કલમ ૧૦ખની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ કલમ ૧૦ખની પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ ફેરફાર, પોતે યોગ્ય ગણે તેવા સુધારા સાથે અથવા તે વિના મંજૂર કરવાની સત્તા મળે છે અને આવો ફેરફાર, સૂચનો અથવા વાંધા, કોઈ મળ્યા હોય તો, તેના પર વિચારણા કર્યા પછી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખે અમલમાં આવશે.

**કલમ ૯-.** (૧( આ કલમથી દાખલ કરવા ધારેલી ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮માં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૦ કની પેટાથી(૧) કલમ-, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, એવી રીતે મળેલ વિકાસ યોજનાનો મુસદ્દો, પોતે યોગ્ય ગણે તેમ કાં તો તેવા સુધારા વગર અથવા તેવા સુધારાને અધીન રહીને, યોજના દ્વારા આવરી લેવામાં આવેલા સમગ્ર વિસ્તાર અથવા અલગથી તેના કોઈ ભાગ માટે મંજૂર અથવા નામંજૂર કરવાની અથવા જિલ્લા આયોજન સમિતિ અથવા અધિકૃત અધિકારીએ રજૂ કરેલો વિકાસ યોજનાનો મુસદ્દો મળ્યેથી, પોતે ફરમાવે તેવી રીતે યોજનામાં સુધારો કરવા માટે, જિલ્લા આયોજન સમિતિ અથવા યથાપ્રસંગ, અધિકૃત અધિકારીને વિકાસ યોજનાનો મુસદ્દો - પરત કરવાનીસત્તા મળે છે .

(૨) આ કલમથી દાખલ કરવા ધારેલી ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮માં નવી કલમ ૧૦ કની પેટાથી(૨) કલમ-, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આખરી વિકાસ યોજના જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે .

(૩) આ કલમથી દાખલ કરવા ધારેલી ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮માં નવી કલમ ૧૦ ખની પેટાથી(૨) કલમ-, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ કલમ ૧૦ ખની પેટામાં ઉલ્(૧) કલમ-લેખેલો ફેરફાર, પોતે યોગ્ય ગણે તેવા સુધારા સાથે અથવા તે વિના મંજૂર કરવાની સત્તા મળે છે અને આવો ફેરફાર, સૂચનો અથવા વાંધા, કોઈ મળ્યા હોય તો, તેના પર વિચારણા કર્યા પછી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખે અમલમાં આવશે .

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે .

**તારીખ ૨૦મી જુલાઈ :, ૨૦૧૯.** **નીતિન પટેલ .**

## પુરવણી

### ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

### ૧૯૭૬ના સન)રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મામાંથી ઉતારા(

સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૮મો .

**૧૨. (૧)** ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ની જોગવાઈઓ હેઠળની યોજના સાથે સુસંગત હોય તેવી વિકાસ યોજનાના મુસદ્દામાં સામાન્ય રીતે, તેનાથી આવરી લીધેલ વિસ્તારમાંની જમીનના ઉપયોગનું નિયમન કરવાની રીત દર્શાવવી જોઈશે અને તેમાં કેવી રીતે વિકાસ કરવામાં આવશે તે પણ દર્શાવવું જોઈશે.

વિકાસ યોજનાના મુસદ્દામાં શું હોવું જોઈશે .

(૨) XXX XXX XXX

### ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮

### ૨૦૦૮ના ગુજરાતના સન)૧૧મામાંથી ઉતારા(

ટૂંકી સંજ્ઞા , વ્યાપ્તિ અને આરંભ .

**૧. (૧)** XXX XXX XXX

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો .

તે (૨), મુંબઈ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની જોગવાઈઓ જે વિસ્તારોને લાગુ પડે છે તે સિવાયના સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે .

ગુજરાત વિધાનસભા સચિવાલય

]સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક[.૨૧ :

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા, ગુજરાત રાજયના વિવિધ વિસ્તારોમાંની મહાનગર આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિની હકૂમત હેઠળના વિસ્તારોમાં આયોજન માટે અસરકારક જોગવાઇઓ કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક .

]શ્રી  નીતિન પટેલ,

નાણા મંત્રીશ્રી [.

)સન ૨૦૧૯ના જુલાઈ મહિનાની ૨૦મી તારીખે ગુજરાત સરકારી  રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ(

ડી .એમ .પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.